# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-07-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

## AMBAJI MEGA MASTER PLAN

અંબાજી યાત્રાધામને મૉડેલ ટેમ્પલ ટાઉન તરીકે વિક્સાવવા માટે રાજ્ય સરકારે એક હજાર 6 32 કરોડ રૂપિયાનો મેગા માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે , જે બે તબક્કામાં લાગુ થશે. પ્રથમ તબક્કાનું કામ ટુંક સમયમાં શરૂ થઈ જશે , જેમાં અંબાજી મંદિર અને ગબ્બરને જોડતાં શક્તિ કૉરિડોરનું નિર્માણ કરવામાં આવશે.

માતા સતીનું હૃદય સ્થળ એટલે કે ગબ્બર ખાતે 'જ્યોત' અને અંબાજી મંદિર ખાતે 'વિશા યંત્ર ' જેવા મુખ્ય દિવ્ય સ્થળો વચ્ચે સુવ્યવસ્થિત જોડાણ સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

આ માસ્ટર પ્લાનનો હેતુ પવિત્ર સ્થળોને એકીકૃત કરીને અને યાત્રાળુઓની સુવિધાઓમાં સુધારો કરીને યાત્રાધામો માટે નવો માપદંડ સ્થાપિત કરવાનો છે. યોજના હેઠળ **મેળા અને ગરબા માટે ઇવેન્ટ પ્લાઝા બનાવવામાં આવશે અને શ્રદ્ધાળુ** માટે નવી યાત્રી નિવાસ સુવિધા ઊભી કરવામાં આવશે.

આ ઉપરાંત, ચાચર ચોકનું ત્રણ ગણું વિસ્તરણ કરવામાં આવશે

. . .

# RAIN DISTRICTS

રાજ્યના કેટલાક જિલ્લામાં આજે સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારમાં આજે સવારે 10 વાગ્યા સુધી વાદળો છવાયેલા જોવા મળ્યા. ત્યારબાદ ધોધમાર વરસાદ વરસ્યો.

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ બંધમાં સતત પાણીની આવક થતાં લઈ બંધની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે . આજે પણ બંધના ઉપરવાસમાંથી સતત પાણી આવતા બંધની સપાટી 328 ફૂટને પાર પહોંચી ગઈ છે.

પંચમહાલમાં લાંબા વિરામ બાદ શનિવારની મધરાતથી વરસાદ થતાં તાપમાનમાં ઘટાડો થયો. જિલ્લામાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 63 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. દરમિયાન સૌથી વધુ 950 મિલિમિટર વરસાદ જાંબુઘોડામાં થયો છે.

બીજી તરફ, ભાવનગરમાં સારા વરસાદથી ત્રણ લાખ 74 હજાર હૅક્ટરમાં ખરીફ પાકનું વાવેતર પૂર્ણ થયું છે. સૌથી વધુ કપાસ અને મગફળીનું વાવેતર થયાના અહેવાલ છે.

ઉપરવાસના સરહદી વિસ્તાર અને મધ્યપ્રદેશમાં ભારે વરસાદના પગલે છોટા ઉદેપુર જિલ્લાની સુકતા નદીમાં નદીમાં ધોડાપુર આવ્યું છે.

. . . . .

# WEATHER OVERALL

હવામાન વિભાગે આજે દક્ષિણ અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળો એ ભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન માછીમારોને પહેલી ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ છે.

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટતા બપોરે 12 વાગ્યા સુધીમાં ઓગણ-સિત્તેર તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ એક ઈંચ સુધી વરસાદ છોટાઉદેપુર , કપરાડા, વઘઈ અને સુબીર તાલુકામાં નોંધાયો છે

. . . . . . . . . . . . .

# SABARKANTHA CRICKET

ચેન્નઈમાં ઓગસ્ટ મહિનામાં રમાનારી રાષ્ટ્રીય કક્ષાની ટૅનિસ ક્રિકેટ ટૂર્નામૅન્ટ માટે સાબરકાંઠાની 12 મહિલાઓની પસંદગી થઈ છે. આ પહેલા રાજ્યકક્ષાની આ સ્પર્ધા સાબરકાંઠાના હિમ્મતનગરમાં રમાઈ હતી , જેમાં ગુજરાત ટૅનિસ ક્રિકેટ દ્વારા વિવિધ ટીમ વચ્ચે સ્પર્ધા થઈ. ત્યારબાદ આ તમામ મહિલાઓની પસંદગી થતાં સ્થાનિકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ અંગે સ્પર્ધક રાધે પટેલે વધુ માહિતી આપી.

**(BYTE: RADHE PATEL, CONTESTANT)**

. . . .

# SEED BOMB CHOOTA UDAIPUR

છોટા ઉદેપુરનાં જંગલ વિસ્તારમાં સ્થાનિક જાતના બીજોથી બનાવાયેલા 1 લાખથી વધુ સીડ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા . 100 થી વધુ સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ અને જંગલ વિસ્તારની સફાઈ કરવામાં આવી હતી. વાવવામાં આવેલા બીજ હરડે , બરડા, દુધકડી, આમળા, ટીમરુ જેવા વૃક્ષો અને જમીનનું ધોવાણ અટકાવે છે, પશુ-પક્ષીઓ માટે આહાર પૂરું પાડે છે અને સ્થાનિક આદિવાસી સમાજ માટે આજીવિકા ઊભી કરે છે.

વન વિભાગના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં વડોદરાની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ અંગે , છોટાઉદેપુરના રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન.સી. રાઠવાએ વધુ માહિતી આપીઃ

(BYTE N C RATHWA)

. . . . .

# RAJKOT AIRPORT CARGO SERVICE

રાજકોટના આંતરરાષ્ટ્રીય એરપોર્ટને કાર્ગો સર્વિસ શરૂ કરવાની મંજૂરી મળી છે. આવતીકાલથી એરલાઇન્સ ગમે ત્યારે આ સેવા શરૂ કરી શકશે જેનો વેપારીઓ, ઉદ્યોગકારો કે અન્ય વ્યક્તિઓ લાભ લઇ શકશે.

કાર્ગો સર્વિસ શરૂ થતા માત્ર રાજકોટ જ નહીં સમગ્ર સૌરાષ્ટ્રના નાના ,મધ્યમ તેમજ મોટા ઉદ્યોગો અને વેપાર ગૃહોને અમદાવાદ સુધીનો ધક્કો નહીં થાય.

. . . .

# MEHSANA TALAV KUND

મહેસાણા શહેરના પરા તળાવ ખાતે દેવી દેવતાઓની મૂર્તિઓનું વિસર્જન કરવા માટે કૃત્રિમ કુંડનું નિર્માણ કરવામાં આવ્યું છે. તળાવ પાસે જે 40 ફૂટ લાંબો, 15 ફૂટ પહોળો અને 7 ફૂટ ઊંડો કૃત્રિમ કુંડ તૈયાર કરાયો છે.

દશામાં અને ગણેશ ચતુર્થીના પાવન પર્વ ની ઉજવણી સુરક્ષિત બને અને લોકોની ધાર્મિક લાગણીઓ જળવાઈ રહે તે હેતુથી કુંડ નું નિર્માણ કરાયું છે . પર્યાવરણની જાળવણી કરવા અને દુર્ઘટના ટાળા છેલ્લા પાંચ વર્ષથી આ આયોજન કરવામાં આવે છે.

. . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)